જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૩/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૮૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૧૪૦ લીટર દેશી દારૂ, ૭૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૯૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૬૯ બિયર ટીન, ૦૧ રિક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૯,૯૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૮૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૩૮૫/૨૦૨૬**

શહેરકોટડાઃ મોહનભાઈ ધુળજીભાઈ ચૌધરી (ઉ.વ.૫૮) (રહે. દેવીકૃપા સોસાયટી, પંતનગર, ઘાટકોપર ઈસ્ટ, મુંબઈ, મુળ વતન. ગામ–નઈજર તા–સલુમ્બર જી–ઉદેપુર રાજસ્થાન) એ તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૩/૨૦૨૬ સવારના ૫/૪૫ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન મોહનભાઈ ચૌધરી તથા તેમના પત્ની કાલુપુર રેલવે સ્ટેશનથી ઓટોરીક્ષામાં બેસી અસારવા રેલવે સ્ટેશન જતા હતા ત્યારે ઓટોરીક્ષામાં બેસેલ એક પુરૂષે મોહનભાઈના પત્નીની નજર ચુકવી તેમના હેન્ડ બેગમાંથી નાનુ પર્સ ચોરી કરી લીધું હતું. જેમાં સોના–ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપિયા ૧૨,૦૦૦/– મળી કુલ રૂપિયા ૩,૪૭,૦૦૦/–મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.ચાવડા ચલાવે છે.

નિકોલઃ કમલાબહેન વા/ઓ રામચંદ્ર પોલેકર (ઉ.વ.૭૫) (રહે. ક્રિશ એક્ઝોટીકા કાનબા હોસ્પિટલ પાસે નિકોલ) એ તા.૧૬/૦૩/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૩/૨૦૨૬ સાંજના ૦૬/૦૦ થી ૦૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ કાનબા હોસ્પિટલ પાસે શાકમાર્કેટ ખાતે અજાણી વ્યક્તિએ કમલાબહેનની નજર ચુકવી કમલાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૮૫,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૩૮૬/૨૦૨૬**

સાબરમતીઃ સાબરમતી ડી–કેબીન કૌટીલ્ય ફ્લેટ પાછળ સરસ્વતિ એપાર્ટમેન્ટ ખાતે સુરેશભાઈ પરષોત્તમભાઈ મકવાણા નાઓના તેર વર્ષના પુત્ર એ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૬ સાંજના ૦૫/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.રાજપુત ચલાવે છે.

ઓઢવઃ ઓઢવ કઠવાડા ચાર રસ્તા પાસે દિવ્યા હોટલની સામે ઇલેક્ટ્રીક દુકાનની ઉપર ત્રીજા માળે રહેતા લાલારામ મેલારામ મેઘવાલ (ઉ.વ.૩૬) (મુળ વતન. ગામ–માંગી તા–શિવાના જી–બાલોતરા રાજસ્થાન) નાઓએ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૬ સવારના ૧૧/૪૫ થી બપોરના ૦૧/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ગુજરાત વેપારી મહામંડળ પ્લોટ નં–૧૮૭ મા આવેલ માઇક્રો સ્ટીલ નામની કંપનીના સ્ટોરરૂમમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઈ જગમાલભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી